# ગાંધીનગરની કોરોના કાળની કપરી યાત્રાનું એક વર્ષ

**૧૯ માર્ચ-૨૦૨૦ : ગાંધીનગરમાં પ્રથમ કેસ નોંધાયો ● ત્યારથી ૧૯ માર્ચ-૨૦૨૧ સુધી કપરી યાત્રાના અવિસ્મરણિય પડઘા...**

## કોરોનાએ બહુ શીખવ્યુ.. જીવન શૈલી -વિચારો અને સ્વભાવ પણ બદલાઈ ગયા : ઉમંગ પટેલ

ગાંધીનગર તા ૧૮

કોરોના પાઝિટીવ આવતા ધ્રુજારી છુટી ગઇ હતી...ખાનગી હોસ્પિટલમાં કોવિડ પોઝિટીવને નો એન્ટ્રી હતી ત્યારે ૩૨ દિવસ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ કોરોના સામેનો જંગ જીતી માંડ હાંશકારો અનુભવ્યો હતો. કોરોનાએ વિચાર, જીવન શૈલી અને સ્વભાવમાં પણ બદલાવ લાવી દીધો છે... ગાંધીનગરમાં ગત માર્ચમાં નોંધાયેલા પ્રથમ કોરોનાથી સંક્રમિત થનાર ઉમંગ પટેલ જણાવે



**ગાંધીનગરમાં ગત ૧૯ મી માર્ચે કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો હતો : દુબઇથી આવેલા ઉમંગ પટેલને કોરોનાનુ સંક્રમણ લાગ્યુ હતુ : ઉમંગ પટેલ જણાવે છે કે કોરોના પોઝિટીવ આવ્યો અને ધ્રુજારી છુટી ગઇ હતી... ૩૨ દિવસની સારવાર બાદ માંડ હોસ્પિટલમાંથી બહાર આવ્યો પરંતુ કોરોનાએ બધુ બદલી નાંખ્યુ આજે એક વર્ષના અંતે પણ સામાજિક પ્રસંગમાં જતા નથી : પૈસા પાછળની દોટ કરતા પરિવારજનો સાથે શાંતિથી રહેવામાં જ સાચો આનંદ : ઉમંગ**

છે કે કોરોનાએ બહુ બધુ શિખવ્યુ .. પૈસાની દોટ નકામી છે.. પરિવારજનો સાથે શાંતિથી રહેવામાં જ સાચો આનંદ છે.. કોરોનાના એક વર્ષ બાદ પણ અમારો પરિવાર સામાજિક પ્રસંગમાં જવાનુ ટાળે છે. અને અમે પણ ભીડ ભેગી કરતા નથી...

ગાંધીનગરમાં કોરોનાનો પ્રથમ કેસ ગત તા ૧૯ માર્ચના રોજ નોંધાયો હતો. શહેરમાં કોરાનાની એન્ટ્રીને એક વર્ષ પુર્ણ થઇ ગયુ પરંતુ હજુ સુધી રોજબરોજ કોરોનાના નવા કેસો સામે આવી રહ્યા છે. શહેરના સે-૨૮ માં રહેતા ઉમંગ પટેલને ગત માર્ચ મહીનામાં કોરોના થયો હતો. ધંધાના કામ અર્થે દુબઈથી પરત આવેલા ઉમંગને કોરોના પોઝિટીવ આવતા શહેરમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાતા નગરજનોમાં પણ ફફડાટ પ્રવર્તયો હતો. કોરનાના પ્રથમ દર્દી ઉમંગને હજુ પણ કોરોના થયો તે દિવસો ભુલાતા નથી. ઉમંગ જણાવે છે કે ગત માર્ચ મહીનામાં હું દુબઈ ધંધાના કામે ગયો હતો. બિલ્ડર તરીકે કામ કરતા ઉમંગ પટેલ નવી ડિઝાઈન તેમજ એલિવેશનની જાણકારી માટે દુબઈ ગયા હતા જયારે ગાંધીનગર પરત આવતા તબિયત લથડી હતી. ઉમંગના જણાંવ્યા મુજબ મને કોરોના પોઝિટીવ છે તેની જાણ થતા જ ધ્રુજારી છુટી ગઈ હતી. જયારે તે સમયે ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર લેવાની પરવાનગી ન હતી જેથી સિવિલ હોસ્પિટલમાં જ સારવાર શરૂ કરવામાં આવી હતી અને ૩૨ દિવસોના અંતે હોસ્પિટલમાંથી રજા મળી ત્યારે હાંશકારો થયો હતો. ઉમંગને કોરોના પોઝિટીવ આવ્યા બાદ પરિવારના અન્ય ૫ સભ્યો પણ કોરોનાથી સંક્રમિત થયા હતા ઉમંગના ૮૧ વર્ષીય દાદા સાંકળચંદ પટેલે કોરોના લીધે તેમનો જીવ ગુમાવ્યો હતો. જયારે ભાઈ જશુભાઈ પટેલ અને માતા પિતા અને દાદીને પણ કોરોનાનુ સંક્રમણ લાગ્યુ હતુ. તેમના પરિવારજનોને ઘરમાંથી દુર કરી હોટલમાં રાખવામાં આવ્યો હતો. કોરોનાની આફત આવતા સૌ ગભરાઈ ગયા હતા. ઉમંગ અને તેમના ભાઈ જશુભાઈ પટેલ જણાંવે છે કે કોરોનાના લીધે અમારી આખી જીવનશૈલી બદલાઈ ગઈ છે.સ્વભાવમાંુ પણ બદલાવ આવી ગયો છે. પૈસાની પાછળ દોટ લગાવવા કરતા પરિવાર સાથે શાંતિ અને આનંદથી જીવન જીવવાની શીખ પણ કોરોનામાંથી મળી છે. કોરોનાના લીધે મન વિચારો બદલાઈ જાય છે. કોરોના થયો અને મટી પણ ગયો પરંતુ આજે પણ અમે અને પરિવારજનો સામાજિક પ્રસંગમાં જતા નથી. અને ભીડ પણ ભેગી કરતા નથી. ઉમંગના ભાઈ જશુભાઈ કોરોનામાંથી બહાર આવ્યા બાદ બ્લડપ્રેશરની દવા કાયમી લેતા થઈ ગયા છે. જયારે ૬ મહીના સુધી પણ તેની અસર જોવા મળે છે. હાલની સ્થિતિએ ચુંટણી બાદ અચાકન જ કેસ વધી ગયા છે. ત્યારે આમ નાગરિકોએ હજુ ગંભીર થવાની અનિવાર્યતા છે. માસ્ક અને સામાજિક દુરી બનાવી રાખવી જોઈએ કોરોના પોઝિટીવ આવે તો ગંભીરતા દાખવી કવોરન્ટાઈન થઈને ત્વરિત સારવાર લેવી જોઈએ.

## કોરોનાના કપરા કાળમાં ફાયરટીમની જાંબાઝ કામગીરી



ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં કોરોનાની મહામારીના એક વર્ષના કપરાકાળ દરમિયાન ફાયરબ્રિગેડની ટીમે સરકારી કચેરીઓ તેમજ રહેણાંક વિસ્તારમાં સેનેટાઈઝીંગની ઉમદા કામગીરી કરી છે. આગના બનાવોમાં જાનમાલને બચાવવા સહીત અબોલ પશુ પક્ષીઓનો જીવ પણ બચાવી માનવતાનુ ઉદાહરણ પુરુ પાડયુ છે. ફાયર બ્રિગેડની ટીમે કોરોનાના સંક્રમણના ખતરા વચ્ચે પણ જન આરોગ્ય સુખાકારીને ધ્યાનમાં રાખી સતત પોતાની ફરજ નિભાવી છે. કોરોના સામેની આ લડત દરમિયાન અત્યાર સુધી ફાયર ઓફિસના એક કર્મચારીને પણ કોરોના થતા સારવાર લેવાની ફરજ પડી હતી.ફાયર ઓફિસર તેમજ તેમની ટીમે છેલ્લા એક વર્ષમાં શહેરમાં અંદાજિત ૮ હજાર જેટલા મકાનોને સેનેટાઈઝ કરવાની કામગીરી કરી છે. બિલ્ડીંગ તેમજ મકાનોને સેનેટાઈઝ કરવાની આ કામગીરીમાં ફાયર ટીમે ૭ હજાર લીટર સોડિયમ હાઈપોકલોરાઈડ કેમિકલનો છંટકાવ કર્યો છે. અત્યાર સુધી આ ઉપરાંત નગરની તમામ સરકારી કચેરીઓ અને સેકટરોની શેરીઓમાં પણ દવાનો છંટકાવ કરી કર્મચારીઓ અને નાગરિકોને સંક્રમણથી બચાવવા માટે મેડિકલ ઈમરજન્સીમાં ખડેપગે ફરજ નિભાવી છે. ફાયર બ્રિગેડની ટીમના ૫૦ કર્મચારીઓનો સ્ટાફ અને ચાર વાહનો આ અભિયાનમાં કામે લાગેલા છે. છેલ્લા એક વર્ષથી કોરોના વોરિયર્સ તરીકે કામ કરતી આ ટીમના કેટલાક સભ્યોને ચામડીની તકલીફ પણ થઈ ગઈ હોવાથી સારવાર લેવાની ફરજ પડી હતી. ફાયર ઓફિસર મહેશ મોડ જણાંવે છે કે આ કામગીરી દરમિયાન લોકડાઉનનના સંજોગોમાં પણ ફાયર સ્ટાફ માટે સે-૨ સ્વામિનારાયણ મંદિર તેમજ રાધે રાધે ગૃપે જમવા તેમજ ચા નાસ્તાની સેવા પુરી પાડી હતી તેમના પણ આભારી છીએ.

## ગાંધીનગરમાં ૯ હજારથી વધુ કોરોનાના દર્દીઓ સ્વસ્થ થયા

ગાંધીનગર, તા.૧૮


ગાંધીનગર શહેરમાં કોરોનાના કોહરામને એક વર્ષ થયું છે. શહેરમાં ગત તા.૧૯ માર્ચના રોજ કોરોનાનો પહેલો પોઝીટીવ કેસ નોંધાયો હતો. ત્યારે છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૨૦,૮૨૫ નાગરીકોએ કોરોનાના ટેસ્ટ કરાવ્યા હતા. જયારે ગાંધીનગરની સરકારી કોવીડ અને ખાનગી કોવીડ હોસ્પિટલમાં ૯૦૬૦ થી વધુ કોરોના પોઝીટીવ દર્દીઓએ સારવાર મેળવી છે. જયારે કેટલાક નાગરીકો માટે કોરોના ઘાતક સાબિત થતા તેઓના મૃત્યુ નિપજયા હતા. ત્યારે હાલની પરિસ્થિતિએ પણ નગરજનો કોરોનાની ગંભીરતાને સમજી રહ્યા નથી. હાલ પણ કોરોનાને કેટલાક નગરજનો હળવાશથી લઈ રહ્યા છે. ત્યારે સાવચેતી આયોજન કરાયા હતા. પોલીસ તંત્ર, આરોગ્ય તંત્ર સતત રાત દિવસ જોયા વિના કામગીરીમાં લાગી ગયા હતા. જયારે ગાંધીનગરમાં કોરોના પોઝીટીવ દર્દીઓના કેસ વધતા શહેરની ૬૦૦ બેડની હોસ્પિટલને કોવીડ હોસ્પિટલમાં ફેરવી દેવામાં આવી હતી. કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા પણ સારી એવી માત્રામાં હતી. ડોકટર દિવસ રાત જોયા વિના કામગીરીમાં જોડાયેલા રહેલા હતા. ડોકટર થી સ્ટાફની મહેતને પગલે કેટલાક દર્દીઓ લાંબા સમય બાદ કોરોનામાંથી સ્વસ્થ થઈને ઘરે ગયા હતા. સૌ કોઈએ સિવિલના ડોકટર્સ તેમજ સ્ટાફની સેવાને બિરદાવી હતી. ત્યારે કોરોનાના એક વર્ષના અંતે ગાંધીનગરમાં ૯૦૬૦ જેટલા દર્દીઓએ સારવાર મેળવી સ્વસ્થ થયા છે. જયારે




અને સલામતી નહી જાળવીએ તો કોરોના ચોક્કસ જાનલેવા સાબિત થશે. એક વર્ષમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક નીચે આવવાના સ્થાને સેન્સેકસની જેમ ઉંચે જઈ રહ્યો છે. ત્યારે સરકારી તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે.

કોરોનાની વૈશ્વિક મહામારીમાં પાટનગર પણ ભરડામાં આવી ગયું હતું. શહેરનો યુવક દુબઈ થી પરત ફર્યો હતો. તેને કોરોના લક્ષણ જણાતા ટેસ્ટ કરવામાં આવતા પોઝીટીવ આવતા ગાંધીનગરમાં હાહાકાર મચી ગયો હતો. સમગ્ર વહીવટી તંત્ર ખડેપગે કામે લાગી ગયું હતું. કોરોના અંગે નાગરીકોમાં જાગૃતતા આવે તે માટે ખાસ સિવિલમાં ૨૦,૮૨૫ જેટલા નાગરીકોએ ટેસ્ટ કરાવ્યા હતા. ત્યારે કોવીડની વેકિસનને પગલે નાગરીકો કોરોનાને ગંભીરતા લેતા નથી. જેથી કોરોનાએ ફરીવાર માથુ ઉંચકયુંં છે. ત્યારે પાટનગરવાસીઓએ કોરોનાને મ્હાત આપવા માટે દો ગજની દુર, સેનેટાઈઝર અને મોંઢા પર માસ્ક ફરજીયાત પહેરવું પડશે અને કામ સિવાય ભીડભાડવાળી જગ્યા પર જવાનું ટાળવુ પડશે. હજુ સુધી કોરોના ગયો નથી કોરોના હાલના સમયે પણ જાનલેવા સાબિત થઈ રહ્યો છે. ત્યારે તંત્રને મદદરૂ બનીને કોવીડની સરકારી ગાઈડ લાઈનનું પાલન કરવુ અનિવાર્ય છે.


# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



## સદ્‌ગત અતીન્દ્ર આર. શાહ

**હે ઈશ્વર તારા ખજાને એવી તે શી ખોટ પડી કે,**
**અમારા પરમ સહાધ્યાયી મિત્રને દૂર છીનવી લીધો.**
**ભગવાન તેના દિવ્ય આત્માને શાંતિ આપે**

**૧૯૮૫ - એસ.એસ.સી. બેચ - શેઠ સી. એમ. હાઈસ્કૂલ (કડી)**
**સેક્ટર-૨૩, ગાંધીનગર**

| | | | |
|---|---|---|---|
| કાર્તિક પી. પટેલ | વત્સલ આર. વોરા | ડો. નિતેષ શાહ | બકુલ જોષી |
| દર્પણ આર. બુચ | રાકેશ જે. દવે | વિપુલ જી. પટેલ | સમીર સુશીલ |
| ચંદ્રભાણ ગઢવી | ઉમેશ પટેલ (USA) | યોગેશ એન. પટેલ | પારસ દોશી |
| ડો. અંજના સોની | ડો. પરાગ શાહ | ધર્મેન્દ્ર દોશી | મહેન્દ્ર વડોદરીયા |
| રાજેશ કોઠારી | પ્રશાંત ઓઝા | કમલેશ નાયક | હિમાંશુ ચાવડા |
| સંજય પાટીલ | કાર્તિક ગુપ્તા | કેતન કલ્યાણી | જિજ્ઞેશ જાની |
| હરેશ પટેલ (દેવલ) | રાજેશ પરમાર | ઉત્પલ દિક્ષિત (USA) | કમલેશ શ્રીમાળી |
| શૈલેષ આર. પટેલ | મયુર શાહ | ભાવેશ પારેખ | જિતેન્દ્ર રાઓલ |


## શહેર-જિલ્લામાં વધુ ૨૪ કેસ

**મોટા ચિલોડામાં ૧ વર્ષનું બાળક અને રાંદેસણમાં ૧૨ વર્ષની વિદ્યાર્થીની સહિત ગાંધીનગર તાલુકામાં ૯ કેસ નોંધાયા : કલોલમાં એક કેસ ● શહેરમાં સે. ૪ માં ૩, સે. ૫, ૮ અને ૧૪ માં બે-બે કેસ ઉપરાંત સે. ૩, ૬, ૨૨, ૨૩, ૨૭ માંથી કેસ મળી આવ્યા : એક દંપત્તિ પણ કોરોનાની ઝપટમાં આવ્યુ**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાના ૨૪ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસો અંગે તંત્ર દ્વારા પણ સઘન સર્વેલન્સ, સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ હોમ આઈસોલેશનના નિયમોનું કડક રીતે પાલન થાય તે જોવા કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. જેમાં નવ કેસ ગાંધીનગર તાલુકાના છે જયારે એક કેસ કલોલમાં નોંધાયો છે. દહેગામ તાલુકામાં પોલીસતંત્રનો એક કર્મચારી કોરોનાથી સંક્રમિત થયાના બિન સત્તાવાર સૂત્રોએ વિગતો જાહેર કરી છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાના કેસો જે રીતે વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીઓ સંક્રમિત થયેલ છે. રાંદેસણમાં ૧૨ વર્ષની વિદ્યાર્થીની અને મોટા ચિલોડામાં ૧ વર્ષનું બાળક સંક્રમિત થયુ છે. રાંદેસણની વિદ્યાર્થીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં કુડાસણમાંથી ૩, પેથાપુરમાંથી ૨ કેસ મળવા ઉપરાંત મોટા-ચિલોડા, અડાલજ, રાંદેસણ, રાયસણમાંથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકાના પાનસર ગામેથી એક ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૨૧૧ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગ્રામ્યમાં આજે ૫૫ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જયારે ૯૨૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે કોરોનાના વધુ ૧૪ કેસ મળી આવ્યા છે. શહેરમાં આજે પણ સંક્રમિત થનારાઓની યાદીમાં પાંચ મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરમાં મોટીવયના લોકો વધુ ને વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં સેક્શન અધિકારી, નવા સચિવાલયનો કર્મયોગી, જુના સચિવાલયનો કર્મયોગી, જીઆઈડીસીના નાયબ ઈજનેર, કલેકટર ઓફિસના કલાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક દંપત્તિ પણ કોરોનાની ઝપટમાં આવ્યુ છે.

શહેરમાં આજે એક દર્દીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જયારે બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે સે. ૪ માંથી ૩, સે. ૫, ૮ અને ૧૪ માંથી બે-બે કેસ ઉપરાંત સે. ૩, ૬, ૨૨, ૨૩ અને ૨૭ માંથી કેસ મળી આવેલ છે. આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૭૫ થી વધુ દર્દીઓ આજે એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લામાં ૧૨૫ થી વધુ એકટીવ કેસ તરીકે દર્દીઓ સારવાર હેઠળ છે. જિલ્લામાં કોરોનાની સ્થિતિમાં પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે દર્દીઓનું હોસ્પિટલાઈઝેશન એટલુ નથી આજે પણ સિવિલમાં પથારીની સુવિધા ઉપલબ્ધ છે.

## જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખે આજે વિધિવત હોદ્દાનો ચાર્જ સંભાળ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદે વરાયેલા દિલીપભાઈ પટેલ અને ગુણવંતસિંહ ચાવડાએ તેમના હોદ્દાના ચાર્જ સંભાળી લીધા છે.

આજે તેમણે વિધિવત્ ચાર્જ સંભાળ્યો ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષ શાહ, જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, કિસાન મોરચાના હિતેન્દ્ર પટેલ, પંચાયત પક્ષના નેતા ભરતસિંહ ઠાકોર, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ શોભનાબેન વાઘેલા, વિસર્જીત પંચાયતના વિપક્ષી નેતા જયેશ ચૌધરી, પૂર્વ સદસ્ય નવિનભાઈ પટેલ, જિલ્લા ભાજપના વિવિધ હોદ્દેદારો, મંડલ પ્રમુખો તેમજ ચૂંટાયેલા સદસ્યો હાજર રહ્યા હતા.

નૈલેષ શાહ અને હિતેન્દ્ર પટેલ તેમજ આઈ.બી. વાઘેલાએ વરાયેલા હોદ્દેદારો તેમજ સભ્યોને એકબીજા સાથે સંકલનમાં રહી અને પ્રજાલક્ષી કામોને અગ્રતા આપવા જણાવ્યુ હતુ.

સમિતિઓની રચના તેમજ બજેટ બેઠક બોલાવવા માટે પણ અધિકારીઓ સાથે સંકલનમાં રહી નિર્ણય લેવા આ આગેવાનોએ સૂચવ્યુ હતુ. જિલ્લામાં બે દાયકા બાદ ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. વરાયેલા બન્ને હોદ્દેદારોએ આ ચાર્જ સંભાળ્યા બાદ અધિકારીઓ સાથે પ્રાથમિક પરામર્શ કર્યો હતો. એકાદ-બે દિવસમાં અધિકારીઓ સાથે વિસ્તૃત બેઠક કરવામાં આવનાર હોવાનું પંચાયત પ્રમુખશ્રીના નજીકના સૂત્રોએ જણાવ્યુ છે.



Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com